ક્રમાકઃ-૧૮૬/STB/RB/ઓવરલોડ/૯૫૬/૧૨
**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ**
**અધિકારીની કચેરી, ગુ.રા.,ગાંધીનગર**
તા.૮/૦૮/૨૦૧૨

**વિષયઃ**-વાહનમાં ઓવરલોડથી રસ્તાઓને થતાં નુકશાનનાં કારણે પ્રીવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ ની જોગવાઇ બાબત.

**સંદર્ભઃ**-કમિશનરશ્રી વાહન વ્યવહાર ગુ.રા.,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ-ડીએ/CWP-483/12 ઓન/૩૮૬૬ તા.૩/૭/૨૦૧૨

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંયુકત વાહન વ્યવહાર કમિશનરશ્રી ગુ.રા., ગાંધીનગરના તા.૩/૭/૨૦૧૨નો પત્ર બિડાણમાં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીના પત્રોની નકલ સાથે સામેલ છે.

સંયુકત વાહન વ્યવહાર કમિશનરશ્રીએ નામ.સુપ્રિમ કોર્ટ/હાઇકોર્ટ ચુકાદા અન્વયે મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ હાઇવેઝની સુચના અનુસાર વાહનમાં ઓવરલોડથી રસ્તાને થતા નુકશાન તથા રોડ અકસ્માત નિવારવાં પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ ની જોગવાઇ હેઠળ કાર્યવાહી કરવા જણાવેલ છે.

મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ ભારત સરકારના તા.૧૮/૪/૨૦૧૨ પત્રના મુદ્દા નં.૩ માં એન્ફોર્સમેન્ટ ઓથોરીટીને ઓવરલોડના કિસ્સામાં પ્રીવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ હેઠળ પગલા લેવા જણાવેલ છે,મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ ની કલમ-૧૧૩, ૧૧૪ હેઠળ ઓવરલોડીંગ વિરૂધ્ધ કાર્યવાહીની સત્તા વાહન વ્યવહાર વિભાગની છે.

**જેથી બિડાણના પત્રો અવલોકને લઇ સબંધીત વિભાગથી ફરીયાદ મળે ગુનો દાખલ કરી** આગળની ઘટીત કાર્યવાહી કરાવવા વિનંતી છે.

**બિડાણઃ**-ઉપર મુજબ

**( શિવાનંદ ઝા )**
અધિક પોલીસ મહાનિદેશક
**(કાયદો અને વ્યવસ્થા)**, ગુ.રા.,ગાંધીનગર

**પ્રતિ**

- પોલીસ કમિશનરશ્રી, તમામ ગુ.રા.,
- રેન્જ વડાશ્રી, તમામ ગુ.રા.,
- પોલીસ અધિક્ષકશ્રી, તમામ ગુ.રા.,

**નકલ સ.રવાનાઃ-**

- કમિશનરશ્રી, વાહન વ્યવહાર ગુ.રા.,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી બંદરો અને વા.વ્ય.વિભાગ ગુ.રા.,ગાંધીનગર

૨/- જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

- ડેપ્યુટી સેક્રેટરીશ્રી મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ ન્યુ દિલ્હી પરીવહન ભવન ન્યુ દિલ્હી